


ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ

નં૦ ૧ લું.

"જરથોશ્તી ધર્મ સમજવા માટે ઇલ્મે ક્ષ્નુમની ચાવી."

Bird's eye-view of Ilm-i- Khshnum.

લખનાર તથા પ્રગટ કરનાર:

બેહરામશાહ નવરોજી શરાફ,

માછલી પીઠ, સુરત.

સને ૧૨૮૧ યજદેજરદી—સને ૧૯૧૧ ઇસવી.

રૂસ્તમજી ન. વાચ્છાગાંધીએ "સાંજ વર્તમાન" પ્રેસમાં છાપ્યું. નાં૦ ૨૧–૨૪–૨૬, મીન્ટ રોડ, કોટ, મુંબાઇ.

અર્પણ પત્રીકા (Dedication).

પ્યારાં ઇરાન વતનમાં જરથો- શ્તી દએનનો સુર્ય અસ્ત થયો અને જરથોશ્તી વિદ્યાકળા અને ધર્મનાં પુસ્તકો પરાગંદે થયાં, તથા મહાન જરથોશ્તી રાજ્ય ગુમ થઇ ગયું અને પ્રતાપી જરથોશ્તી પ્રજા એક મુઠ્ઠીભર કોમમાં સમાઇ ગઇ—એવો સીહા જરવાન યાને જમાનો આવતાં પહેલાં જે દુરઅંદેશ સાહેબો જરથોશ્તી દએનનાં બીજ લઇને

ગોફ્રેનશીન થયા તે સાહેકો, પરમપવિત્ર સાહેબો, તે સાહેબ દેલ દુરવેશોને ચરણે આ નાની ચોપડી એવી દુઆની સાથે જાહેરમાં મુકાય છે કે આપણી મુઠ્ઠીભર જરથોશ્તી કોમ ઉપર તે દાદગર દાદાર હોરમજદની સદા પનાહ હોજો,—અમશાસ્પંદો, યજદો તથા અશો ફ્રેરોહરોનો સાયો હોજો, વક્ષુરે વક્ષુરાંન રઅ્જગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબની રાહનુમાઇ હોજો—અને ગોફ્રેનશીન અષોઇના સાહેબો, મહાન આબેદોના આષીર્વાદ હોજો!

"અથ જમ્યાદ યથ આફ્રીનામી."

શરૂઆતના બે બોલ (Foreword)

આ નાની ચોપડી "ઇલ્મે ક્ષ્નુમ સીરીઝ નંબર ૧લું" બહાર પાડવાની મતલબ શું છે તે દીબાચામાં ખાસ જણાવવાની જરૂર આટલીજ છે કે જ્યારે મેં મારા કેટલાક દોસ્તો અને ખેર અંદેશોના દબાણથી મુંબઇમાં ઇલ્મે ક્ષ્નુમ વિષે જાહેર ભાષાણો આપવા માંડયાં, અને એ શિક્ષણ બરોબર રીતે આપવાને માટે એક વર્ગ ચલાવવા માંડયો (કે જે વર્ગ હાલમાં "ઇલ્મે ક્ષ્નુમ ઇન્સ્ટીટ્યુત" ને નામે ઓળખાય છે,) ત્યારે શરૂઆતમાં મને બધેથી કહેવામાં આવતું હતુ કે તમારાં ભાષાણો છપાવી બહાર પાડો; પણ હું કલમી કરવાને નાજ કહેતો હતો. તેમ કેહવાની મારી મકસદ એ હતી કે ઇલ્મે ક્ષ્નુમ વિષે લોકોનો માહ્યા (mental

equipment) ખીલેલો ન હતો, અને જો પુરો માદ્દો ખીલવ્યા વગર ઇલ્મે ક્ષ્નુમનું કઇ પણ સાધારણ શિક્ષણ બી છાપવામાં આવે તો અર્થનો અનર્થ થવાની ઘણીજ ધાસ્તી રહેતી હતી. પણ જ્યારે આ બે અઢી વરસના દરમ્યાનમાં આપણી કોમમાં ઇલ્મે ક્ષ્નુમ શુ છે, તેની ઉસુલ્યાત યાને મુળ ક્યાંથી છે, તેની બુલંદી કેટલી બધી છે, એ વિષે કંઇક દરજજેનું થોડું જ્ઞાન અને તે વિષે માન તથા દીલસુઝ લાગણી પ્રગટેલી જોવાને આપણે નસીબવાન થયા છીએ, તો પછી આ બુલંદ ઇલ્મની માત્ર outline એક નાના પુસ્તક રૂપે આપણી કોમની સનમુખ મુકવાને હવે કશી અડચણ મને દેખાતી નથી.

વળી જણાવવાની જરૂર છે કે આજ કેટલાંક વરસો થયાં જરથોસ્તી ધર્મ સમજવાની કોશેશો કરવામાં આવે છે, અને ઉપર

દ્રપંઠથી દરેક એવી કોષેશ કરનાર શખ્સ પોતાની મગજ શકિતની પ્રબળતાના પ્રમાણ મુજબ તથા પોતાના અંગત વિચાર આચારોની દ્રષ્ટિથીજ સમજાવી શકે છે. બીજા શબ્દોમાં બોલ્યે તો અત્યાર સુધીમાં જરથોસ્તી ધર્મ સમજવા માટે જે પોતાના મરતબા પ્રમાણેની ભલી કોષેશો કરવામાં આવી છે તેના પરીણામ તરીકે જરથોસ્તી ધર્મનું રહસ્ય અને તેનો ખાસ અસલ અર્ક આ દરેક જાતના અભ્યાસીઓ પોતાના કોઇપણ રીતના અભ્યાસથી સમજાવવાને શક્તિવાન થયા નથી. એક બાજુથી શબ્દાર્થ (Comparative Philology) ઉપરજ ફકત આધાર રાખીને ખરી ઉંડી ફીલસુફીને તજી દેવામાં આવે છે, જયારે બીજી બાજુથી બીજા ધર્મોની ફીલસુફી જે અલબતાં જથોસ્તી ધર્મની ફીલસુફીથી પોતાના મરતબામાં ઘણીજ જુદી છે

તે બીજા ધર્મોની ફીલસુફી (Comparative Philosophy) નું મીશ્રણ કરીને કોઇપણ રીતે જરથોસ્તી ધર્મ સમજાવવાની કોશેશો તો થાય છે, પણ આ બેઉના પરીણામમાં જરથોસ્તી ધર્મનું ઉસુલ્યાતી શિક્ષણ— the teachings of pristine Zarathushtrianism— અંધારામાં રહી જાય છે.

પોત પોતાના મરતબા પ્રમાણેનું સામાન્ય મળતાપણું છતાં, જેમ હરેક ધર્મને તેમ જરથોસ્તી ધર્મને પણ પોતાવટપણું (individuality) છે, અને તેની પોતાની જ ઉંડાણ ફીલસુફી તથા બાતેન બાજુ (esoteric side) પણ તે ધરાવે છે, જે જ્ઞાન "ક્ષ્નુમ" તરીકે આપણા પાક ગાથાના ૪૮ તથા ૫૩ મા હામાં જણાવેલું છે તે "ક્ષ્નુમ" જરથોશતી ધર્મની ઉંડાણ ફીલસુફી તથા

ક્રીયાક્રામો અને તરીકતો (practical canons) વગેરેની બારીક સમજણ તુલો તવીલ રીતે (Systematically) આપનારૂં જ્ઞાન છે.

આ "ક્નુમ" નું જ્ઞાન કંઇ સાધારણ સ્થુળ જ્ઞાન નથી, અને એ જ્ઞાન તો સીના દર સીના ઉસ્તાદ અને શાગેર્દ મારફતે વસીલા તરીકેજ ચાલ્યું આવે છે. એ "ક્નુમ" કંઇ લખી વાંચીને, ચોપડીઓ મેઢે કરીને, મેળવવાનું જ્ઞાન નથી, પણ એ જ્ઞાન ઉસતાદ સાહેબની મહેરબાનીથી ચેલાએ ચોક્કસ તરીકતોની અમલ્યાત કરયા પછીજ તેને આપવામાં આવે છે.

પણ હાલમાં કેટલાંક જરથોસ્તી બાનુઓ તથા ગૃહસ્થોએ અવારનવાર "ઇલ્મે ક્નુમ" ને આધારે થતાં ભાષણો (ખાસ કરીને "સરોશ"ના ત્રણ ભાષણો તથા "આતશે

બેહરામની બુલંદી" વિષેના ૧૪ ભાષાણો
ની ચાલુ હારમાળા) સાંભળયા પછી એ
જ્ઞાનના કંઇક લખાણો માટે ઘણીજ ઉલટ
અને આતુરતા બતાવી હતી, તેમાં ખાસ
કરીને આપણા માનવંત અકાબર સખા-
વજુદ શેઠ બહમનજી દીનશા પીટીટે
"ક્ષ્નુમ"ના જ્ઞાનની ચોપડીઓ છપાવવા
માટે "આતશ બહેરામ"ની બાબદ ઉપરના
એક ભાષણ વેળાએ સરનશીન તરીકે બોલતાં
પોતાના ભાષણમાં ખાસ આગ્રહ કરયો
હતો, અને આવી રીતની આસપાસની
ઉલટ તથા ઉમંગ અને પોતાના વહાલા
કદીમ ખાલેસ જરથોશ્તી ધર્મ તરફની જાન-
ફેશાની જોઇને કેટલાક મીત્રોની સલાહ તથા
ચાલુ અરજોના દબાણથી આટલું લખાણ
એક નાની ચોપડી રૂપે જાહેરમાં મુકવું
પડયું છે.

કહેવાની જરૂર નથી કે આ લખાણ "સાંજ વર્તમાન"ના પતેતી-નવરોઝના ખાસ અંક માટે આપ્યું હતું, અને સુંદર ચોપડી રૂપે જળવાઇ રહે એવી મતલબથીજ આ નાની ચોપડી છાપવાનો વિચાર અમલમાં મુકયો છે.

જે મીત્રોએ આ ચોપડી બહાર પાડવાના હરેક કાર્યમાં હરકોઇ રીતે મને મદદ કરી છે, તેમનો સામટો ઉપકાર આ તકે માનું છું.

બહેરામશાહ નવરોજી શરાફ.

માછલી પીઠ, સુરત,

સોમવાર તા૦ ૧૮ મી સપટેમ્બર ૧૯૧૧.

સાંકળ્યું.

પાનું.

પ્રકરણ પહેલું.

"ઇલ્મે ક્ષ્નુમ"નું જ્ઞાન આપનારા
જરથોશ્તી સાહેબદેલાનો.

અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબે
સમજાવેલા કુદરતના બે મહાન નીયમો.

"માજદયશ્ની દએન"

(યાને Law of Infoldment.)

"જરથોશ્તી દએન"

(યાને Law of Unfoldment.)

તે "**વાહેદે હકીકી**" યાને એકના એક મીનોઆન મીનોને યાદ કરી, પેદા કરનાર દાદાર અહુરમજદના શુક્ર ગુજારી, **વખશુરે વખશુરાન રમ્જ-ગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર** સાહેબનું નામ જબાન ઉપર લેઇને, તેવણ સાહેબના જાયેનશીનો અને હોકમાઓના કોલ પ્રમાણે, જરથોશ્તી સાહેબદેલાન ટોળાના ઉસ્તાદ સાહેબ "**સોષાવરેજ મરજબાન**" સાહેબ-ની મહેરબાનીથી એક ખાકસાર તરીકે દુવા ગુજારી નીચલી થોડીક બાબદો રજુ કરૂં છું, અને મારા "**બગોબખ્ત**" યાને ખુદાની મહેરબાનીથી જરથોશ્તી સાહેબદેલાન ટોળાના ઉસ્તાદ સાહેબ મરજબાન સાહેબ પાસેથી મારી નાકેસ

મકહુર મુજબ જે કંઇ ખાલેસ જર-
થોશ્તી ધર્મ બાબેનું જ્ઞાન અને તરી-
કતો તથા ક્રીયાકામોની બાતેન તાવીલોનું
જ્ઞાન કે જે જ્ઞાન એક અમુલ્ય મિરાસ
જરથોશ્તી કોમનો છે, અને જે મેળ-
વવાને હું ભાગ્યશાળી થયો છું, તેનો
સહેજ ભાશ આપવાની ઝાંખી કોશેશ
કરૂં છું.

આપણો પાક જરથોશ્તી મજહબ
એટલો તો બુલંદ છે, અને તેમાં
દરેકે દરેક બાબદોનું તુલોતવીલ બ્યાન
એવું તો સરસ રીતે આપેલું છે, કે
જરથોશ્તી મજહબની મોતેબરીનો
ખ્યાલ પણ આપણાથી થઇ શકતો
નથી. જરથોશ્તી મજહબની અંદર
આપણા વખશુરે વખશુરાન અશો
સ્પીતમાન જરથુશ્ત સાહેબે કુદરતના
નીયમોમાંના બે બુલંદમાં બુલંદ નીયમો

સમજાવ્યા છે, કે જે નીયમોને "**માજદયસ્નની દએન**" તથા "**જરથોશ્તી દએન**" તરીકે આપણે ઓળખ્યે છીએ. "દએન" એટલે કે "કાયદો," અને તેટલા માટે "હુસ્તી"-માંથી "નીસ્તી"માં જવાના મહાન કાયદાને "માજદયસ્નની દએન"નું નામ આપવામાં આવ્યું છે; યાને કે એક "ઉરવન" (soul) પોતાની અસલ સુક્ષ્મ હાલતમાંથી સ્થુળ હાલતમાં જે મહાન અચળ કાયદાને અધારે નીચે ઉતરે છે—the Great Law of Infoldment of Spirit into Matter—તે કાયદાને આપણા મજ-હબમાં "માજદયસ્નની દએન" તરીકે ઓળખાવેલો છે.

છેક "મીનોઆન મીનો"થી તે આ ખાકી દુન્યા સુધીમાં અગણીત અણદીઠ પેદાયશો અને શકિતઓ.

છેક "**મીનોઆન મીનો**" (The Unspeakable) જેને વીષે બોલી શકાય નહીં, (The Unknowable) જેને પીછાણી શકાય નહીં (The Unthinkable) જેને વીષે ખ્યાલ પણ કરી શકાય નહી—તે "**નુર ઉલ અનવાર**" (The Light of Lights) તરફથી "**મજદા**" કેવી રીતે જાહેર (manifest) થાય છે, અને ત્યાર બાદ "**અહુરા**"કયા મહાન કાયદાને આધારે પ્રગટ થાય છે; પછી સૃષ્ટિનો પેદા કરનાર "**અહુરમજદ**" કેવી રીતે કયા "**ઉલવુજુબ**" યાને કુદરતના અચુક

કાયદા (Law of Nature) થી જાહેર થાય છે; અને તમામ "અમશાસ્પંદો, હફ્એ, મીનો, ફ્રરેશખ, યજદો" કયા મહાનકાયદાઓને આધારે જાહેર (manifest) થાય છે, તથા "**નબાનજદીશ્ત નામ ફ્રવષીનામ,**" "**પઓઈર્‍યો દકેષનામ ફ્રવષીનામ,**" "**અષાઉનામ ફ્રવષીનામ,**" તથા "**અશોનામ,**"—આ ચાર દરજાના ઉરવાનો (souls) કેવી રીતે પ્રગટ થાય છે; અને "**મીનોઇ**" (યાને Spiritual), "**જીરમાની**" યાને (તમામ ગૃહો તથા સેતારાઓને લગતી Planetary), "**અરવઇ**" યાને અનાસરો એટલે તત્વોને લગતી (Elemental), તથા "**જીસ્માની**" યાને ખાકી (Earthly)–આ ચાર

આલમો કયા મહાન કાયદાઓને આધારે હૈયાતીમાં આવે છે, તથા સુક્ષ્મ તેમજ સ્થુળ "**આતશ,**" "**બાદ**" યાને હવા, "**આબ**" યાને પાણી, તથા "**ખાક**" ના ચાર વર્ગો (Planes) કેવી રીતે બને છે; "**હૈવાનાતે નાતેકા**" યાને વાચાવાળાં જાનવરો એટલે આદમજાત, "**હૈવાનાતે મુતલક**" યાને વાચા વગરનાં જાનવરો–(Animal Kingdom) "**નબાદાત**" યાને વનસ્પતી વર્ગ (Vegetable Kingdom)–તથા "**જમાદાત**" યાને ખનીજ વર્ગ (Mineral Kingdom) કેવી રીતે સીલસીલાબંધ (Systematically) બન્યાં જાય છે;—આ બધું અને બીજી અનેક બાબદો આપણા વખશુરે વખશુરાન સાહબે "માજદયસ્ની દએન"ના બાબમાં સમજાવેલી છે.

"સ્તોત, ઉરૂ, જરવાન" નામના કુદરતના ત્રણ બુલંદ કાયદાઓ.

"સ્તોત" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા રંગોનો કાયદો–The Fundamental Law of Vibrationary Colours, "અરશોતખ્ત" યાને "ઉરૂ" એટલે બુલંદીમાં બસીત થવાનો ચોમેર ફેલાઇ જવાનો મહાન કાયદો–The Law of Glorious, Universal Diffusion and Expansion, તથા "જરવાન" યાને ગતી અને ગતીથી ઉત્પન્ન થતો વખતનો ખ્યાલ–The Law of Eternal First Motion–The Primum Mobile,–આ મહાન કાયદાઓને આધારે એક ઉરવાન (Soul) પોતાની અસલ સુક્ષ્મ હાલતમાંથી સ્થુળ ખાકી હાલતમાં કેવું

તનાસુલી યાને એક connected link ની માફક ઉતરે છે,–આ બધું "માજ-દયસ્ની દએન"માં સમાઇ જાય છે.

"મરદ અને સ્ત્રીનો તફાવત છેક ઉરવાનથીજ થયલો છે."

છેક "અરવઈ આલમ" યાને (Plane of Elements)ની શરૂઆતમાંજ "**મીસ્વાનહે ગાતુએ અવલ**" નામના મરકજ યાને તબક્કા આગળ એક આખું ઉરવાન નીચે ઉતરતી વખતે મરદ તથા સ્ત્રીને લગતાં ઉરવાન તરીકે બે વીભાગમાં કેવી રીતે વહેંચાઇ જાય છે, અને આખાં ઉરવાનમાંથી બે વીભાગ થતી વખતે ઉરવાનનો ચોકસ "**સરશોક**" યાને અરક એકજ વીભાગમાં રહી જવાથી

તે "શરીફ" યાને ચહડતા દરજં-
જાનું યાને મરદનુંજ ઉરવાન
(Spiritual Masculinity) કેવી
રીતે થાય છે, તથા બીજા વીભા-
ગમાંથા તે "સરશોક" નીકળી જવાથી
તે "ખસીસ" યાને ઉતરતા દરજજાનું
યાને સ્ત્રીનુંજ ઉરવાન (Spiritual
Femininity) કેમ થાય છે, અને
આ જાતિ (યાને Sex) નો તફા-
વત ફકત શારીરીક (Physical)જ
નહીં, પણ એ તફાવત તો છેક ઉરવા-
નને લગતો (યાને Spiritual Differ-
ence of the Sex) કેવી રીતે છે,
અને એકજ ઉરવાનના બે વીભાગો
આ ખાકી દુન્યામાં ધણી ધણીઆણી
તરીકે કયા કાયદાને આધારે જનમ
લે છે, તે વીષેના બારીક ગુહય કાય-
દાઓ "માજદયસ્ની દએન"માં વખ-

શુરે વખશુરાન સાહેબે તુશ્રીતવીલ સમજાવ્યા છે. ટુંકામાં બોલીએ તો ઉરવાન કયાંથી આવે છે, અને કયે કાયદે આવે છે તથા શા માટે ખાકી શરીર ધારણ કરે છે,–હુજી ટુંકામાં બોલ્યે તો આ બધી સૃષ્ટિ રચના કયાંથી, શા માટે, અને કયા કાયદાને આધારે થઇ, સૃષ્ટિના પેદા કરનાર અહુરમજદની એમ કરવામાં કેઇ મહાન મતલબ સમાયલી છે—આ બધી "**નીસ્તી**" કેવી રીતે થઇ, યાને સુક્ષ્મતામાંથી સ્થુળ હાલત શા માટે અને કયે કાયદે કરવામાં આવી—વગેરે અનેક બાબદો સમજાવનારા કુદરતના મહાન કાયદાને "માજદયસ્ની દએન"નું નામ આપણા વખશુરે વખશુરાન સાહેબે આપેલું છે.

પ્રકરણ બીજું.

++++

"જરથોશ્તી" દએન યાને
Law of Unfoldment.

એજ પ્રમાણે આ બધી "**નીસ્તી**" (Infoldment of Spirit into Matter) થઇ રહ્યા પછી, "**ઉરવાન**" (Soul) ને તેની પોતાની અસલ હાલતે પહોંચાડવાનો જે કુદરતી અચુક કાયદો આપણા વખશુરે વખશુરાન સાહેબે કુદરતની દરેક બારીકીને ધ્યાનમાં રાખીને આપણને બતાવ્યો છે તેને આપણે "**જરથોશ્તી દએન**" તરીકે ઓળખ્યે છીએ; યાને કે "**નીસ્તી**" (Infoldment) માંથી પાછા "**હસ્તી**" (Unfoldment) માં જવાના મહાન કાયદાને "**જરથોશ્તી દએન**"નું નામ આપવામાં આવ્યું છે; યાને કે હાલમાં ધારણ

કીધેલી સ્થુળ હાલતમાંથી એક ઉરવાન પાછું પોતાની અસલ સુક્ષ્મ હાલતે જે કુદરતના અચુક કાયદાની મદદથી બુલંદીએ જઇ શકે છે તે મહાન કાયદા (the Great Law of Unfoldment of Spirit from Matter) ને આપણા મજહબમાં "**જરથોસ્તી દએન**" તરીકે ઓળખાવેલો છે.

"દરેક માનવીમાં રહેલી નવ દેખીતી તેમજ અણદીઠ ચીજો."

આએ ખાકી આલમમાં એક ઉરવાને કુદરતના અચુક કાયદા પ્રમાણે પોતાના નેમેલા વખત દરમ્યાન કેવી રીત હયાત રહેવું; પોતાનાં શરીરની બંધારણ રચનાને અનુસરીને કેવી "**તરીકતો**" (canons) થી જીંદગી

ગુજારવી;–"**તનુ**" યાને ખાકી શરીર, "**ગએથા**" યાને અંદરના અવ્યવો, "**અજંદ**" યાને મવાહનું શરીર, "**ઉશ્તાન**" યાને સજીવન શકિત, "**કુહેરપ**" યાને સુક્ષ્મ શરીર, "**તેવીષી**" યાને વાસ્નાઓનુ રહેઠાણુ, "**ઉરવાન**" (યાને Soul), "**બઓદંઘહ**" યાને મીનોઇ જ્ઞાનની રોશનીનો પ્રકાશ, તથા "**ફ્રવષી**" (કે જેનો અર્થ સમજાવવા માટે કોઇબી ભાષામાં શબ્દજ નથી)–આ બધા નવ ભાગો જે એક માનવી ધરાવે છે, તે બધાઓને કુદરતી કાયદાનુસાર રાખવા માટે કેવી કેવી તરીકતો (canons) પ્રમાણે જીંદગી ગુજારવી, એ વીષેના બારીક કાયદાઓ "**જરથોશ્તી દએન**"માં સમાઈ જાય છે.

"ખોરેહ"નો મહાન કાયદો, અને ઉરવાનને "હસ્તી" Unfoldment માં લેઈ જવા માટે તે કાયદા પ્રમાણે અમલ કરવાની જરૂર.

દરેક માનવીએ પોતાના "**ખોરેહ**" યાને ખાકી શરીરમાંથી નીકળતો બારીક અણદીઠ પ્રવાહ (Personal Magnetism) ને શા માટે પ્રબળ ગણવું જોઇએ, તથા "**ખોરેહ**" ને કુદરતના કાયદા પ્રમાણેજ રાખ્યાથી "**કુહેરપ**" યાને સુક્ષ્મ શરીરની સુક્ષ્મતા કેટલી બધી વધે છે, અને "**કુહેરપ**" મારફતે "**ઉરવાન**" કેવી રીતે પછી આગળ વધતું (unfold થતું) જાય છે; "**ફરરે યજદી**," "**કયાન**

ખોરેહ," "એરેપત ખોરેહ" અને બીજા ત્રણ બાતેન ખોરેહ—આ ૭ ખોરેહના મરતબામાં કઇ કઇ તરીકતોથી આગળ વધાય છે, તથા આ બધા ખોરેહના મરતબામાં આગળ વધ્યાથી ઉરવાનની કઇ કઇ મહાન **બાતેન** (latent) **શક્તિઓ** બરપા થાય છે, અને આવી રીતે ખોરેહમાં આગળ વધ્યાથી ઉરવાન કેટલી બધી સહેલાઇથી unfold થતું જાય છે, તથા unfold થવા માટે વધુ અને વધુ કુદરતના કાયદાઓનું બારીક "**મીનોઇ જ્ઞાન**" પોતાની મેળે કેવી રીતે સમજવા માંડે છે; ખોરેહને કુદરતી કાયદાનુસાર રાખ્યાથી **વિચારોનું** મલીનપણું નીકળી જઇ તે કેવા નિર્મળ તથા બુલંદ થતા જાય છે,—આ બધી બાબદો માટે "ખોરેહ"નો બાણ

સમજાવનાર કુદરતી કાયદાને "જર-થોશ્તી દએન" તરીકે ઓળખ્યે છીએ.

નીરંગ (Bull's Urine) ની સાયન્ટીફીક ખુબીઓ.

ખોરેહને જાળવવા માટે "ગઓ" યાને ગોસ્પંદનો નીરંગ કેટલો બધો કીમતી છે, તથા નીરંગની અંદર રહેલી "ખાસ્તર" યાને વીજળીક પ્રવાહ (magnetic force)માં ખોરેહને સ્વચ્છ બનાવવા માટેની કેવી સાયન્ટીફીક અદ્દભુત શકિત સમાયલી છે; ગોસ્પંદની જે જગ્યાએથી નીરંગ નીકળે છે તે જગ્યાએ ચોકસ સુક્ષ્મ "ચખ્ર" (યાને Plexus એટલે કે receptive centre of magnetic current) કાર્ય કરતું હોવાથી

"ગોસ્પંદ"નોજ નીરંગ કયા અચુક કાયદાને આધારે લેવામાં આવે છે; રાતના ઉંઘની અંદર માનવીનાં શરીર ઉપર કેવા અણુદીઠ જંતુઓ (microbes) ફરી વળે છે, અને તે જંતુઓને સવારના ઉઠતાંને વાર નીર્મુળ (powerless) કરી નાંખવા માટે નીરંગ કેવી સાયન્તીફીક મતલબથી પાણીને અડકવા આગમજ લગાડવો જોઇએ, તથા નીરંગ લીધા વગર પાણીને શરીર ઉપર લગાડયાથી આ જંતુઓ કેવા પ્રબળ થઇને આપણાં ખોરેહનો બગાડ કરે છે;—ટુંકામાં, ખોરેહને પવિત્ર કરવા માટે નીરંગ કેટલો બધો સાયન્ટીફીક disinfectant છે, તેની બારીક સમજણ **"જરથોશ્તી દએન"** માં વખશુરે વખશુરાન સાહેબે આપેલી છે.

"જરથોસ્તી દએન"માં જણાવેલી જાતજાતની "દરૂજી" (Hives of invisible microbes).

ખોરેહને જાળવવા માટે બધી જાતની "દરૂજી" યાને જંતુઓના ગુબાર (extremely subtle envelopment of myriads of microbes) થી આપણો કેવી રીતે બચાવ કરવો જોઇએ; "**દરૂજીએ હીથ**" યાને બાલ, નખ, થુક, પીશાબ, લોહી, પરૂં, વગેરે (excretions)થી ઉત્પન્ન થતા જંતુઓ; એટલે કે બાલ, નખ, વગેરેમાંથી નીકળતા અણદીઠ પ્રવાહો "**વયુ–ઉપર-કઇરય**" યાને વાતાવરણ (Atmosphere) સાથે મળીને ઘસારો (friction) થવાથી

કેવી રીતે એક ઘણીજ નુકસાનકારક "**ખાસ્તર**" યાને વીજળીક શકિત તથા જંતુઓ ઉત્પન્ન થાય છે, તથા આવી રીતે આપણાં ખોરેહને કેવું ગંભીર નુકસાન પહોંચે છે; માથું ઉઘાડું રાખ્યાથી, તથા બાલ, નખને જયાં ગમે ત્યાં વેરવીખર કરયાથી કુદરતમાં અણદીઠ રીતે (પણ સાયન્ટીફીક રીતે સમજાવી શકાય એવી) નુકસાનકારક અસરો આ જંતુઓ તથા "**ખાસ્તર**"ને લીધે કયા કાયદાથી ચાલુ થયા કરે છે; "**દરૂજીએ બુજી**" યાને દસ્તાનવાળી હાલતમાં ઉત્પન્ન થતી દરૂજી, ગોસલની હાલતમાં તથા મનીને ખોટી રીતે ગુમાવવાની હાલતમાં ઉત્પન્ન થતી દરૂજી, કેવા નુકસાનકારક બળવાન જંતુઓ (microbes)

અને ધાસ્તીભરેલી "**ખાસ્તરો**" યાને વીજળીક પ્રવાહો ઉત્પન્ન કરે છે, અને આ બધું ખોરેહનું તેમજ સ્થુળ આરોગ્યતા (spiritual as well as physical well-being) નું કેટલું બધું ગંભીર રીતે નુકસાન કરે છે; એજ પ્રમાણે "**દરૂજીએ સએની**" યાને ખરાબ વિચારઆચારોથી બંધાયલા ગુબાર યાને પડ (extremely subtle envelopment of myriads of microbes) થી ઉત્પન્ન થતી નુકસાનકારક, બળવાન '**ખાસ્તરો**", "**દરૂજીએ હષી**," "**દરૂજીએ ઘષી**" "**દરૂજીએ પેષીશ**," વગેરે બધી અનેક પ્રકારની દરૂજીથી આપણાં ખોરેહનો બચાવ કરવાની કુદરતી કાયદાનુસાર તરીકતો કયા મહાન

કાયદાને આધારે પાળવી જોઇએ; ખોરાક જમતી વખતે તેમજ હાજત વખતે જે જે અણદીઠ સુક્ષ્મીક જંતુઓ (microbes) કુદરતના કાયદાઓને આધારે ઉત્પન્ન થાય છે તે જંતુઓ આપણાં ખોરેહમાં કેવો ગંભીર બગાડ કરે છે, અને આ જંતુઓને નીરમુળ કરી નાંખી આપણાં ખોરેહનો બચાવ કરવા માટે **જમવાની તથા હાજતની અવસ્તા બાજના** કલામો ધ્વની યાને vibration ના અચુક કાયદાઓથી આપણી આસપાસ કીલ્લા મીસાલ વીંટલાઇ જઇને આપણાં ખોરેહનો તથા આપણી સ્થુળ આરોગ્યતાનો કેવો સરસ બચાવ કરે છે; આપણાં

ખાકી શરીરનાં લોહીને કેવી રીતે સ્વચ્છ તથા સુક્ષ્મ પ્રકારનું રાખવું જોઇએ તથા જુદા જુદા **ખોરાકોથી** ખોરેહ ઉપર કેવી કેવી અસરો થાય છે, અને ખોરેહને કુદરતી કાયદાનુસાર રાખવા માટે "**તરકે હૈવાન્યત**" યાને જાનવરનાં માંસના ખોરાકથી દુર રહેવાનો નીયમ શા માટે પાળવોજ જોઇએ; ખોરેહને પવિત્ર રાખવા માટે **વીચાર આચારો** શા માટે ભલાઇ-નાજ રાખવા જોઇએ;—આ અને બીજી ખોરેહને લગતી પુષ્કળ તરીકતો (canons) ની બારીક સમજણ "જર-થોશ્તી **દએન**" માં ખોરેહના બાબમાં વખશુરે વખશુરાન રમ્જગો અશો સ્પી-તમાન જરથુશ્ત્ર સાહેબે આપેલી છે.

પ્રકરણ ત્રીજું.

જરથોશ્તી દએનનો બીજો મહાન કાયદો "કેશાશ."

(Law of Compensative Retribution and Universal Adjustment.

ઉરવાનને પાછું તેની અસલ સુક્ષ્મ હાલતમાં લઇ જવાને માટે "ખોરેહ" ની સાથે બીજો મહાન કાયદો જે "કેશાશ"ને નામે ઓળખાયલો છે તે "કેશાશ"નો કાયદો પણ "**જરથોશ્તી દએન**" (Law of Unfoldment of Spirit from Matter) માં ઘણોજ બારીકીથી સમજાવેલો છે. "કેશાશ"ના બાબમાં દરેક માનવીનાં ઉરવાનને બીજી કોઇપણ પેદાયશના સંબંધમાં આવ્યાથી ઉભું થયલું માગતું લેણું જે અદા કરવાનું

છે તેના બારીક કાયદા (Laws of Retributive Compensation and Universal Adjustment with every visible and invisible object and force in the Universe) સમજાવ્યા છે. એક માનવીનું ઉરવાન બીજાં કોઇ માનવીનાં, યા જાનવરનાં યા ઓરવરનાં, યા ખનીજ વર્ગનાં, યા યજદોનાં ઉરવાનના "**કેશાશ**" (obligation)માં કેવી રીતે આવી જાય છે, અને આએ કેશાશ (obligation) પોતાનાં ઉરવાનને પાછું "**હસ્તી**" (Unfoldment)માં લેઇ જવાને માટે શા વાસ્તે અને કેવી રીતે ભરપઇ (Compensate અને Adjust) કરવોજ જોઇએ, તેના બારીક હીસાબોથી ભરપુર કાયદાઓ "**કેશાશ**" ના ૧૪૪ દરજાના બાબમાં "**જરથોસ્તી દએન**" માં સમજાવ્યા છે.

"અખંડ સંપુર્ણ ઉરવાન Perfected Individual Soul પાછું થવા માટેના હીસાબથી ભરપુર "કેશાશ" ની બારીક ગણત્રીને લગતા કાયદાઓ."

માનવી તથા જાનવરના ઉરવાનો Souls વચ્ચેનો અરસપરસનો અતલગનો સંબંધ, તથા માનવી અને વનસ્પતી તેમજ ખનીજ વર્ગના ઉરવાનો સાથનો સંબંધ કેવો ઘાડો છે, તથા આ બધા પોતાને લગતા ઉરવાનોના અંશો પોતાના "**બઘો બખ્ત**" (Law of Dispensation) ની મારફતે જાનવર, વનસ્પતી, તેમજ ખનીજ વર્ગમાંથી કેવી રીતે અને કયા મહાન કાયદાઓને આધારે એક માનવી પોતાની અંદર ખેંચી લે છે,

તથા આ બધા પોતાના ઉરવાનને લગતા અંશોને પોતાની અંદર આમેજ કર્યા પછી તે માનવીનું ઉરવાન સંપુર્ણ અખંડ (Perfected Individual Whole) થવાને લાયકનું કેવી રીતે થઇ શકે છે, તે બધા કાયદાઓ "કેશાશ"ના બાબમાં સમજાવવામાં આવ્યા છે. આવી રીતે "**ખરીદ ફરોખ્ત**" (spiritual bargaining) યાને માંગતું લેણું અદા કરવાની ક્રીયા કરી રહયા પછી, "**મઈદયારેમ**" યાને ઉરવાનના આગળ વધવાના માર્ગની મધ્ય ફસલ (Transition stage)માં ઉરવાન કેવી રીતે દાખલ થાય છે, અને આ તબક્કામાં આવ્યા પછી તે ઉરવાન સરસરાત કેવી રીતે આગળ વધ્યું જાય છે, તેના કાયદાઓ "કેશાશ" ના બાબમાં આપણને સમજાવેલા છે.

આ દુન્યામાં દેખીતાં દુઃખ સુખમાં કુદરતનો પુરેપુરો ઇન્સાફ.

કોઇ શરીરે દુઃખી કાંય, કોઇને ખાવાનું પાધરૂં કાંય નથી મળતું, કોઇને ફાટેલાંજ કપડાં કાંય મળે છે, કોઇ પૈસે ટકે શા માટે ગરીબ હોય છે, કોઇને બચ્ચાંનું સુખ કાંય હોતું નથી, કોઇ ચોકસ માનવી યા જાનવરની મારેફતથીજ શા માટે માર્યો જાય છે; વગેરે અનેક દેખઇતી ગેરઇન્સાફી અને દેખઇતી રીતે અકુદરતી બાબદો (apparently unjust and abnormal anomalies of life) વિષે જયારે "**જરથોસ્તી દએન**"ના "કેશાશ" ના બાબમાં તુલોતવીલ બ્યાન સાથે સમજીએ છીએ ત્યારે તે દાદગરનો ઇન્સાફ તથા હરવેસ્પ આગાહી

(omniscience) ઉપર આપણાથી આફરીન થયા વગર રહેતી નથી, અને તેજ વખતે કુદરતમાં જે બે મહાન અચુક કાયદાઓ—"**મોહદુલ**" યાને **ઇન્સાફની** જમા (Law of Universal Justice) તથા "**મોહદુત**" યાને હદની જમા (Law of Definite Universal Adjustment and Equilibrium)–કાર્ય કરે છે તે કાયદાઓથી આપણને અનેક બાબદોનો સાયન્ટીફીક ખુલાસો મળે છે. ખાવંદ તથા ઓરત વચ્ચેનો કેશાશ, બાપ અને ફરજંદનો કેશાશ, તથા ભાઇ બહેનના અરસપરસના કેશાશ, આ અને બીજાં અનેક સગાંવહાલાં તથા મીત્રમંડળના—કરોળીયાના જાળાં મીસાલ ગુચરૂં વળેલા–કેશાશ કેવી રીતે ઉત્પન્ન થયા છે, અને આ કેશાશ

(obligations) કયા કાયદાઓને આધારે ભરપાઇ (adjust) કરી શકાય છે—એ બધી બારીકી કેશાશના બાબમાં આપણા વખશુરે વખશુરાન સાહેબે સમજાવેલી છે. આ ઉપરાંત આતશ, બાદ, આબ, ખાક, તથા દરેક દેખીતી તેમજ અણદીઠ રીતે કાર્ય કરતી શકિતઓ સાથના આપણા સંબંધોથી કેવી રીતે કેશાશ બંધાય છે, અને આ કેશાશ-કહાડી નાંખવાને માટે કઇ કઇ તરી-કતો પાળવી જોઇએ તે બાબેના કાયદાઓ "**અષીસ્વંઘહ**" અને "**પારેં-ન્દી**" નામના કેશાશના એક વીભાગમાં કુદરતી કાયદાને અનુસરીને આપ લે અદા કરવાના મ્હાન કાય-દાઓ તરીકે સમજાવેલા છે. કુદરતની દરેક પેદાયશને પવિત્ર રાખ્યાથી, આલુ-દેહ નહીં કરયાથી તથા દરેક પેદાય-

શને કુદરતી કાયદાનુસારજ કુદરતી કાયદા સમજીને વપરાશમાં લીધાથી દરેક પેદાયશ સાથના કેશાશ કેવી સરસ રીતે સમતોલ (balance) કરી શકાય છે તે પણ ખ્યાન **જરથોશ્તી દએન**માં આપેલું છે. **મહેર** યાને કોલ તોડયાથી પણ કેટલો બધો કેશાશ વધ્યો જાય છે, અને આવી રીતે મહેર તોડયાથી કેશાશ વધ્યાથી કુદરતમાં કેટલી બધી ખોટી અસરો ઉત્પન્ન થાય છે, તથા કેશાશ ભરપઇ (adjust) થવાને બદલે વધી પડવાથી ઉરવાનને પોતાની અસલ સુક્ષ્મ હાલતમાં જવામાં કેટલો બધો અટકાવ થઇ પડે છે, તેની પણ સમજણ "કેશાશ"ના બાબમાં આપવામાં આવી છે.

દરેક વીચાર, વચન અને કાર્યનું પ્રતીફળ સાયન્ટીફીક રીતેજ મળે છે.

તમામ કુદરતમાં ફળ-પ્રતીફળનો કાયદો (Law of Action and Reaction) કેવો સંપુર્ણ રીતે કાર્ય કરે છે, અને માનવીના દરેક દમ, દરેક વીચાર, દરેક વચન તથા દરેક કાર્યનું ઘટતું પ્રતીફળ ઇન્સાફની રાહે કેવી રીતે તેને પોતાને આવી મળે છે, અને આ પ્રતીફળ લાવી આપવામાં ખુરશેદના શ્વા યાને દેખીતાં તેમજ અણુદીઠ કીરણો તથા મહેરની રોશની અને મહેરનાં અદવી

દખ્યુમ, અંતરે-દખ્યુમ, આદખ્યુમ, ઉપદઇરી-દખ્યુમ, અદઇરી--દખ્યુમ, પદઇરી--દખ્યુમ, અદપી-દખ્યુમ "નામના સાત તબકકાઓ તથા **વયુ ઉપર-કદરય** યાને વાતાવરણ કેટલો બધો અગત્યનો ભાગ બજાવે છે તેની સાયન્ટીફીક સમજણ કેશાશના બાબમાં સમાઈ જાય છે. "**ખોરેહ**"ની દરેક તરીકતો પાળવા ઉપરાંત બીજો જે મહાન કાયદો "**કેશાશ**"નો કુદરતમાં કાર્ય કરે છે તે કાયદા પ્રમાણે અમલ કરી ઉરવાનને પોતાની સુક્ષ્મ હાલતે લઇ જવામાં સવલતા કરી આપવાની ખાસ તરીકતો (canons) આપણા વખશુરે વખશુરાન સાહેબે "**જરથોસ્તી દએન**"ના "**કેશાશ**"ના બાબમાં તુલોતવીલ સમજાવેલી છે.

પ્રકરણ ચોથું.

"જરથોસ્તી દએન"નો ત્રીજો મહાન કાયદો: અશોઇ (Law of Moral Order Divine, and ideal Purity.)

ઉરવાનને પાછું તેની અસલ સુક્ષ્મ હાલતે લઇ જવાને માટે, ઉરવાનને unfold કરવાને માટે, "**ખોરેહ**" અને "**કેશાશ**"ના બે મહાન કાયદાઓ "**જરથોસ્તી દએન**"માં સમજાવ્યા ઉપરાંત એક ત્રીજો સઉથી અગત્યનો મહાન કાયદો સમજાવવામાં આવ્યો છે. આ કાયદો જે "**જરથોસ્તી દએન**"નો મુળ પાયો છે તે "**અશોઈ**"ને નામે ઓળખાયલો છે. "**અશોઇ**" "**ખોરેહ**" અને "**કેશાશ**" આ ત્રણ કુદરતના ઉસુલ્યાતી (fundamental) કાયદાઓ પ્રમાણેજ

આ ખાકી દુન્યામાં હયાતી ભોગવ્યાથી ઉરવાનની નાજી (Unfoldment) થઇ શકે છે, આમ **જરથોશ્તી દએન** જે પોતેજ કુદરતનો અચુક કાયદો છે, અને જે આપણા વખશુરે વખશુરાન સાહેબે શીખાડયો છે, તે જરથોશ્તી દએન"માં જણાવેલું છે. **અશોઇના** નવ દરજા, અને દરેક દરજામાં આઠ આઠ મરતબા આમ ૭૨ જાતની અશોઇની અમલ્યાત (practical observance) એક ઉરવાનને (unfold) થવાને માટે કરવી પડે છે. ઉરવાનની સાથે તો બધી તેની અણદીઠ (latent) શકિતઓ રહેલી છેજ, અને જે કંઇ કરવાનું છે તે સ્થુળપણામાંથી સુક્ષ્મ હાલત ઉપર જવાનું છે—ફકત "એજાબ" યાને પરદો (screen) ઉંચકવાનો છે–we have to *subtract*, not *Add*–

આપણામાંથી સ્થુળપણું બાદ કરવાનુંજ છે, કંઇ પણ ઉમેરો કરવાનું નથી; અને આ કાર્ય ૭૨ જાતની અશોઇની અમલ્યાત કરયા વગર—કુદરતના કાયદાઓ સાથે "યજમઈદે" યાને એકતાન (attune; en rapport) થયા વગર થઇ શકતું નથી.

"સાચ્ચું" બોલવાથી "ચખ્રો"ની ખીલવણી; તેથી મળતું "મીનોઈ જ્ઞાન;" "અશોઈ"નું પહેલું પગથીયું—"સચ્ચાઈ."

"અશોઇ"ના સઉથી પહેલાં પગથીયાં તરીકે "**મહેર**" પાળ્યાથી યાને સાચ્ચું બોલ્યાથી તથા આપેલો કોલ ગમે એવા સંજોગો વચ્ચે પાળ્યાથી

માનવીની અંદર જે ૧૬ ગુપ્ત "ચખ્રો" (receptive nerve-centres of magnetic force) કાર્ય કરે છે તેમાંનું "જબાન"નું ચખ્ર કેવું સરસ મંદ થઈ જાય છે, અને આવી રીતે "મહેર' પાળ્યાથી જબાનનું "બાકે અવલનું" ચખ્ર મંદ થવાથી બાકી ઇંદ્રીઓને લગતાં ચખ્રા કેવાં મંદ થઇ જાય છે, અને બાકી ઇંદ્રીના ચખ્ર મંદ થવાથી, ઉપલાં ચાર ચખ્રો જે ભેજાંની અંદર કાર્ય કરે છે તે કેવાં સરસ ખુલી જાય છે, જેથી કરીને તે માનવીમાં અજાયબ જેવી ઉરવાનને લગતી શકિતઓ (Spiritual Powers) બરપા થયા છે,—જેથી તે માનવી પોતાની મેળેજ "મીનોઇ જ્ઞાન" મેળવવા માંડે છે,— જેથી તે "સાચ્ચો" માનવી જે કંઇ બોલે છે તેજ હમેશાં ફળે છે, કારણ

કે તે માનવી સચ્ચાઇ તથા કોલ પાળવાને લીધે કુદરતનો હમશરીક (Co-operator) થાય છે—આ બધા "મહેર" યાને કોલને લગતા બારીક કાયદાઓ અશોઇના બાબમાં સમજાવવામાં આવ્યા છે.

"અષેમ વોહુ"ના એક વાકયની તાવીલ (deep signification); "જુજ" (Polarity) અને "જુફ્ત" (Duality) ના કાયદાઓ; "અસરે રોશની" અને "અસરે તારીકી."

"અશોઇ"નો બાબ એટલો તો બહોળો છે કે દરેકે દરેક બાબદ "અશોઇ" ના બાબમાં સંપુર્ણ રીતે આવી જાય છે, કારણકે "જરથોસ્તી દએન" (યાને વખશુરે વખશુરાન

સાહેબે સમજાવેલો—ઉરવાનને તેની પોતાની અસલ હાલતે લેઇ જવાનો—જે કુદરતી કાયદો છે તે) નો મુળ પાયોજ અશોઇ છે. આ કારણને લીધેજ "અષેમ વોહુ" ના કલામની તાવીલની અંદર સમજાવવામાં આવ્યું છે કે "અષો તેજ કે જે **અષોઇને** ખાતર અષો" છે, આ વાકયની બહુજ ઉંડી તાવીલ છે, અને અષોઇ શું ચીજ છે તેનો ફકત આ વાકયની તાવીલ સમજયાથી સહેજ ભાસ આવે છે. કુદરતની અંદર હમેશાં બેપણાનો કાયદો કાર્ય કરે છે, અને આ બેપણાનો કાયદો પોતે બે રીતે કાર્ય કરે છે. "**જુજ**"ના કાયદા (Law of Polarity) પ્રમાણે બે ચીજો એકમેકની સામે કાર્ય કરીને પોતાની અસરો ઉપજાવે છે, અને "**જુફ્ત**"ના કાયદા

(Law of Duality) પ્રમાણે બે ચીજો એકમેકની સાથે મળીને કાર્ય (Co-operate) કરીને પોતાની અસરો ઉપજાવે છે. "**વાહેદે હકીકી**" યાને એકયતા (Unrelatedness; Singleness; Absoluteness) માં તો તે દાદગર હરવેસ્પ આગાહ (the Omniscient) એકલોજ છે, અને કુદરતની તમામ પેદાયશ "**જુજ**" અને "**જુફ્ત**" ના કાયદાઓથી હૈયાતીમાં આવી છે. આ "**જુજ**"ના કાયદા (Law of Polarity) પ્રમાણે કુદરતમાં દરેક કાર્ય થતી વખતે "**અસરે રોશની**" અને "**અસરે તારીકી**" નામની બે શકિતઓ કાર્ય કરે છે, જેને સાધારણ રીતે આપણે "**સ્પેનામીનો**" યાને "વૃદ્ધિ કરનારી અણદીઠ શક્તિ" તથા "**ગના**

મીનો" યાને "ઘટાડો કરનારી અણુદીઠ શક્તિ"ને નામે ઓળખ્યે છીએ. આ "**અસરે તારીકી**"ને ચાલુ "**અસરે રોશની**"માં ફેરવી નાંખવાને (Spiritual transmutation કરવા) માટે અશોઇની બારીક તરીકતો "જરથોશ્તી દએન"માં શીખવેલી છે. કુદરતની અંદર જે "ઘટાડા"નો કાયદો—યાને સ્થુળપણામાં લઇ જવાનો કાયદો—ચાલુ "**નીસ્તી**" (Infoldment) કરવાનો કાયદો—કાર્ય કરે છે, તેને "**જુજ**"ને કાયદે વૃદ્ધિના કાયદામાં—યાને સુક્ષ્મપણાનાં કાયદામાં—ચાલુ **હસ્તી** (Unfoldment) કરવાના કાયદામાં—ફેરવી નાંખવું,—આ એક "જરથોશ્તી દએન" પ્રમાણે જીંદગી ગુજારનારની ફરજ છે, કારણકે આવો માનવી

અહુરમજદના સેપાહ તરીકેજ જીંદગી ધરાવે છે. આ પ્રમાણે ત્યારે અહુરમજદની આ મહાન નેમ છે, અને જે નેમ સ્થુળપણામાંથી "નીસ્તી"માંથી–ઉરવાનને સુક્ષમપણામાં–"હસ્તી"માં લેઇ જવાની છે, અને જે નેમ બર લાવવાને ખાતરજ "જરથોશ્તી દએન" યાને કુદરતી ઉસુલ્યાતી કાયદો (Fundamental Law of Nature) વખશુરે વખશુરાન સાહેબે શીખાડયો છે–તે સૌથી મહાન નેમ બર લાવવામાં ચાલુ હમશરીક થવાને માટેજ "**અસરે તારીકી**" ને "**અસરે રોશની**"માં ચાલુ ફેરવી નાંખવાની "**અશોઇ**"ની તરીકતો આપેલી છે, અને આવી રીતે જે કોઇ શખસ અષોઇની તરીકતોની અમલ્યાત (practical observance) કરે છે તે શખ્સ "અષોઇને ખાતર અષો" (Holy for Holiness' sake) છે.

પ્રકરણ પાંચમું.

અષોઈને ખાતર અષો થવાની તરીકતોમાંનો એક દાખલો— જમવાની તથા હાજત વખતની અવસ્તા બાજ—તેથી ઉપજતી સાયનટીફીક અસરો; વખશુરે વખશુરાન સાહેબનું Economy of Nature બાબેનું બારીક જ્ઞાન.

દરેક શખસે પોતાની હઇયાતીને ખાતર પોતાનાં " ઉશતાન " યાને સજીવન શકિતને ચાલુ ટેકાવવાને માટે ફરજીઆત ખોરાક તો લેવોજ જોઇએ. "ઉલવુજાુબ" યાને કુદરતી અચુક "કાયદે (Law of Nature)થી જમ-

વાની ક્રીયા થતી વખતે પાંચ જાતનાં "**કુવતો**" યાને શકિતઓ કાર્ય કરતી હોવાથી, સુક્ષ્મ અણુદીઠ "હુરીરી" યાને જંતુઓ (microbes) ઉત્પન્ન તો થાય છેજ, પણ આ જંતુઓ જે "**અસરે તારીકી**" છે, કારણ કે તેઓ ખોરેહનો બગાડ કરે છે, તે જંતુઓને "**અસરે રોશની**"માં ફેરવી નાંખવાને માટે યાને કુદરતમાં નુકસાન કરતાં તેમને અટકાવી કુદરતમાં બીજીજ રીતે તેમને ઉપયોગી બનાવવાને માટે "**જમવાની અવસ્તા બાજ**" વખશુરે વખશુરાન સાહેબે શીખવી છે, જે બુલંદ કલામોની ધ્વની (vibrations) ને લીધે આએ જંતુઓ (microbes) ખોરેહને બગાડી શકતાં નથી, પણ પાછાં દમની સાથે તે શખ્સની અંદરજ દાખલ થઇ ને ખોરાક જેરવવામાં ઘણી મદદ કરે

છે. આવી રીતે "**અસરે તારીકી**" ને "**અસરે રેશની**"માં દરેક કાર્ય વખતે ફેરવવા (transmute કરવા) ને ખાતરજ સંખ્યાબંધ **નીરંગો** (short formulæ), બાજો, તથા બીજી બીજી તરીકતો—કુદરતની બારીક સાયન્સને ઉંડાણથી જાણીનેજ (through a profound knowledge of the minutest forces of Nature)—આપણા વખશુરે વખશુરાન સાહેબે "જરથોશ્તી દએન" ના **અશોઇ**ના બાબમાં આપેલી છે.

એજ પ્રમાણે **હાજત** વખતે પણ પુષ્કળ અણદીઠ જંતુઓ (myriads of unseen microbes) ઉત્પન્ન થાય છે અને તેઓ "**અસરે તારીકી**"ના હોવાથી ખોરેહનો બગાડ કરે છે. પણ હાજતની અવસ્તા બાજના કલામોની દ્વની

(vibrations) ને લીધે ખોરેહની આસ-પાસ એક દીવાલ (vibration-wall) બંધાઇ જાય છે, જેથી પેલાં જંતુઓ નીર્મુળ (powerless) થઇ જાય છે, અને જમીન ઉપર પડે છે, અને જમીનમાં દાખલ થઇને જમીનમાંનાં ચાર "**કુવતો**"—**કુવતે ગાજીઆ, કુવતે નામીઆ, કુવતે મુશવરીઆ કુવતે મુવલદયા**—આ ચાર ઉગવાની, વધવાની, આકાર પકડવાની, તથા ફળ આપવાની–જમીનમાં રહેલી શકિતઓને ઘણીજ સરસ રીતે એક ખાતર મીસાલ વધારી આપે છે. આ રીતે અશોઇની જરથોશ્તી તરીકતો (Zoroastrian Canons of Ashoi)ના પુષ્કળ દાખલાઓ ઉપરથી આપણને રોશન થાય છે કે

"અસરે તારીકી"ને "અસરે રોશની"માં ફેરવી નાંખવાને માટેજ "અશોઇની ઘણી સાયન્ટીફીક આજુર ફેરો (canons) "જરથોશ્તી દએન"માં વખશુરે વખશુરાન સાહેબે શીખવેલી છે. કુદરતમાં દરેક ચીજનો પોતાનો કેવી રીતનો ઉપયોગ છે (Each thing in its place is best) તે સમજીને—Law of Economy of Nature બરાબર જાણીનેજ—આપણા વખશુરે વખશુરાન સાહેબે આવી રીતની અષોઇની બારીક તરીકતો જેમાં ઉંડી સાયન્સ અને ફીલસુફી સમાઇ જાય છે તેનો અમલ કરવાને માટે "જરથોશ્તી દએન" પ્રમાણે ચાલનારને શીખવ્યું છે.

પ્રકરણ ૭મું.

અશોઇ, ખોરેહ અને કેશાશના ત્રણ ઉસુલ્યાતી કાયદાઓ (FUNDAMENTAL LAWS) ઉપરાંત "સુદરેહ-કુસ્તી," "અવસ્તા-માંથ" અને "ક્રીયાકામો" જેવા ત્રણ બુલંદ અસરકારક આલાતો (GRAND EFFICIENT AGENTS).

"અશોઇ," "ખોરેહ," અને "કેશાશ" ના ત્રણ ઉસુલ્યાતી નીયમો (Fundamental Principles) "જરથોશ્તી દએન" માં વખશુરે વખશુરાન સાહેબે શીખવ્યા છે, અને આ કાયદાઓને અમલમાં મુકયાથી ઉરવાન ધીમે ધીમે કદમ દર કદમ "ઉલવુજુબ" યાને કુદરતી અચુક કાયદે

(Law of Nature) થી આગળ વધતું unfold થતું જાય છે. પણ આ ત્રણ મહાન ઉસુલ્યાતી નીયમો સમજાવવા ઉપરાંત આપણાં ઉરવાનને ખાતર કેટલાંએક હથ્યારો આપણા વખશુરે વખશુરાન સાહેબે આપ્યાં છે, જેમાં ના ત્રણ બુલંદ અસરકારક આલાતો **સુદરેહ—કુસ્તી, અવસ્તા—માં-થ્ર તથા જરથોશ્તી બુલંદ કીયા-કામો છે.**

" સુદરેહ-કુસ્તી "માં સમાયલી ઉંડી સાયન્સ.

આ ખાકી દુન્યામાં હઇયાતી ભોગ-વતી વખતે " જરથોશ્તી દએન " પ્રમાણે ચાલનાર શખ્સને **"સુદરેહ-**

કુસ્તી" પહેરવાની આજુરફર આપવામાં આવી છે. આ "સુદરેહ-કુસ્તી" ની બહુજ ઉંડી સાયન્ટીફીક તાવીલ આપણા વખશુરે વખશુરાન સાહેબે સમજાવેલી છે, જે આએ ટુંક બ્યાન (outline) ની અંદર સંપુર્ણ રીતે અલબતાં વર્ણવી શકાય નહીં. સુદરેહ **રૂનાં કપડાંનો** બનાવવામાં આવે છે તે રૂનાં કાપડને લીધે સુરજના રવા શરીરની અંદર સીધા દાખલ થવાને બદલે કેવી રીતે ભાંગી જઇને (refract થઇને) દાખલ થાય છે, અને આવી રીતે આડકતરી રીતે (indirectly) દાખલ થયાથી, શરીરની અંદર રહેલાં "**અહીર**" યાને નજીસાત (waste-matter) ના "**તાફૂન**" યાને ચાલુ નીકળતી બદબો (exhalations)

ને કુદરતી રીતે બહાર ખેંચીને શરીરના અનુઓને તેની વાસ્નાથી મુક્ત કરે છે, તેથી આપણું ઉરવાનને આગળ વધવામાં કેવી રીતે ઘણીજ મદદ મળે છે; સુદરેહ "**નવ સાંધાઓ**"નો બનાવવામાં કેવી ઉંડી ફીલસુફી સમાયલી છે, તથા નવેનવ આસ્માનોના પ્રવાહો કેવી રીતે ખેંચાય છે, જેથી તે ઉરવાન નવેનવ આસ્માન સાથનો તનાસુલી સીલસીલો રાખી શકે છે; સુદરેહ **સફેદજ** કાંય અને સફેદ રંગમાંથી સુરજના શ્વા કેવી રીતે પસાર થાય છે, તે બધા રોશની યાને Light ને લગતી વીદયા (Optics) ને લગતા, ગરમી યાને Heat નેલગતી વીદયા(Thermology) ને લગતા, તથા રંગ યાને Colour ને લગતી વીદયા (Chromatics)

ને લગતા સાયન્ટીફીક કાયદા-
ઓ બરાબર સમજીને "સુદરેહ-
નું બખ્તર વખશુરે વખશુરાન સાહેબે
આપેલું છે. એજ પ્રમાણે "કુસ્તી"
ઉનની બનાવવાથી ઉનની અંદર
"સ્તોત" યાને ધ્વનીથી ઉત્પન્ન થતા
રંગો (Vibrationary colours) ને
ખેંચવાની શક્તિ હોવાને લીધે આ-
પણી અવસ્તા બંદગીના "સ્તોત" ને
કુસ્તી પોતાની અંદર એક battery
ની માફક કેવી રીતે સમેત (charge)
કરી લે છે, અને આએ "સ્તોત" ની
મદદ ઉરવાનને કુસ્તી મારફતે કેવી
રીતે ચાલુ મળ્યા કરે છે; કુસ્તી કેઈ
જાતના ઘેટાંના ઉનની હોવી જોઇએ;
કુસ્તીના ૭૨ જુફતાલી યાને બેવડા
(double) તારો કઇ સાયન્ટીફીક
મતલબથી લેવામાં આવે છે--વગેરે

હરેક બાબદોનું બ્યાન "કુસ્તી"ના બાબમાં વખશુરે વખશુરાન સાહેબે સમજાવીનેજ આ "સુદરેહ-કુસ્તી" નું નાદર બખ્તર પહેરવાનો ખાસ હોકમ "જરથોશ્તી દએન" પ્રમાણે ચાલનારને માટે આપ્યો છે.

"અવસ્તા-માંથ્ર"ની ભેદભરેલી સાયન્સ; વખશુરે વખશુરાન સાહેબની "આસ્ને વીર."

"અશોઇ, ખોરેહ, અને કેશાશ" ના ત્રણ ઉસુલ્યાતી નીયમો પ્રમાણે ચાલીને, તથા **"સુદરેહ-કુસ્તી"** નાં બખ્તરમાં સજ થઇને એક જરથોશ્તી દએન પ્રમાણે ચાલનાર બસ્તે કુસ્તી-આન જયારે **"અવસ્તા-માંથ્ર"** ઉચ્ચારે છે, ત્યારે તેનામાં કેટલી બધી બુલંદ

શક્તિ (beneficent powers) બરપા થાય છે તેનો ખ્યાલ પણ આપણને આવી શકતો નથી. અવસ્તાના માંથ્ર જે તમામ **સ્તોત** યાને ધ્વનીથી ઉત્પન્ન થતા રંગો (Vibrationary Colours) ના મુળ કાયદાઓને આધારે રચવામાં આવ્યા છે–જે માંથ્ર–ગાથા, ઇજશ્ને, વંદીદાદ, વીસ્પરદ, યશ્તો, વગેરે, "યથા અહુ વઇરયો" ના બુલંદ કલામની ઉપરથી વખશુરે વખશુરાન સાહેબે બસીત કર્યા હતા, અને જે "યથા અહુ વઈરયો" "**અહુનવર**"ના ઉસુલ્યાતી સ્તોત (Fundamental Vibrationary Colours) ઉપરથી રચવામાં આવ્યો હતો, કે જે "**અહુનવર**" નો સ્તોત પોતેજ "આએ હૈયાતીનો પેહલો મુળ કાયદો" છે, અને જે "**અહુનવર**" ના સ્તોતથીજ આખી

સૃષ્ટિરચના રચવામાં આવી છે–(The Vibration–the Creative Vibration)–તેવા બુલંદ અવસ્તાના માંથ્ર સાથની બંદગીનો જયારે તે કલામોને લાયકના "મીથ્ર" યાને બુલંદ વીચારોના જોશ (Sincerity; Earnestness) સાથે અમલ કરવામાં આવે છે, ત્યારે તે "**અશોઇ,**" "**ખોરેહ,**" "**કેશાશ**"ની તરીકતો પાળનાર–"જરથોશ્તી દએન" પ્રમાણે સુદરેહ કુસ્તીમાં સજ થયલો બસ્તે કુસ્તીઆન–કુદરતમાં કેવી બુલંદ અસરો ઉપજાવે છે, અને પોતાનાં ઉરવાનને આ ખાકી દુન્યામાં હૈયાતી ભોગવતી વખતેજ કેટલી બધી સુક્ષ્મતામાં લઇ જઇ, કેટલા બધા દરજજા સુધી "**નીસ્તી**" માંથી આગળ વધારી "**હસ્તી**" તરફ જવાને લાયક

થાય છે, તેની ખરેખરી સાયન્સ "જરથોશ્તી દએન"માંથી જ્યારે આપણે "ઇલ્મે ક્શ્નુમ"ને આધારે સમજ્યે છીએ ત્યારે તે વખશુરે વખશુરાન સાહેબની સરખામણી થઇ નહીં શકે એવી (incomparable) ઉરવાનની બુલંદ "આસનેવીર"ની શકિત કેટલી જોરાવર હોવી જોઇએ તેનો બુલંદ વીચાર ગ્રહણ કરવાની શકિત આપણું નાચીજ ખાકી મગજ કયાંથી ધરાવી શકે!!!

આ "જરથોશ્તી દએન" છે કે જે દએનની અંદર જીવતાં જીવત ઉરવાનને હસ્તીમાં જવાને(Unfoldment)ને લાયકનું કરી આગળ વધારવાના કુદરતના ઉસુલ્યાતી કાયદાઓ વખશુરે વખશુરાન સાહેબે સમજાવ્યા છે.

પ્રકરણ સાતમું.

"જરથોશ્તી ક્રીયાકામો" તેમાં સમાયલા તદન સાયન્સના સિધ્ધાંતો, "સ્તોત," "મીશ્ર," "ખાસ્તર," "ખોરેહ," "પાણી ના ફ્રાદો" "આતશે વોહુફ્રયાન," આતશની બરેહ, "આતશ બહેરામ," "સરોશનો નાદ"- વગેરે ભાગ બજાવનારા આલાતો (**Functionary Agents**).

ફ્કત આ ખાકી દુન્યામાં હઇયાતી ભોગવતી વખતેજ ઉરવાનને આગળ વધારવાના (યાને unfold કરવાના) મહાન કાયદાઓ "જરથોશ્તી દએન"માં શીખવ્યા છે એટલુંજ નહીં, પણ ઉરવાન ખાકી શરીર છોડી જાય ત્યાર પછીથી તેને સુક્ષ્મતામાં આગળ

વધવા માટેનાં બુલંદ હથ્યારો "જરથોશ્તી દએન"માં આપેલાં છે. આપણા વખશુરે વખશુરાન સાહેબ દરેક બાબદને તેની અખંડ હાલતમાં જોતા હતા અને ઉરવાનને તેની અખંડ હાલતમાં બધી રીતે એક Harmonious whole તરીકે Unfold કરવાને ખાતરજ—ઉરવાનના આ દુન્યામાંથી રહેલત કરી ગયા પછી તેને તેની અસલ સુક્ષ્મ હાલત યાને "હસ્તી" માં જવા માટે ચાલુ મદદ કરવા માટે "જરથોશ્તી ક્રીયા-કામો" નાં બુલંદ હથ્યારો આપેલા છે. "નીરંગદીન, ઇજશ્ને, પાસ્તા-વંદીદાદ, બાજો, આફ્રીંગાન, દોખ્મે-નશીની, ગેહુસારણું, સચકાર, સરોશની ક્રીયાઓ"—વગેરે દરેક "જરથો-શ્તી ક્રીયાઓ" તદન સાયન્સના મહાન

સીદ્ધાંતો (Grand Scientific Principles) ઉપરજ રચીને આપણા વખશુરે વખશુરાન સાહેબે આપેલી છે. દરેક ક્રીયાકામોનું તુલોતવીલ બ્યાન આએ સંક્ષેપ (outline) લખાણમાં થઇ શકે નહીં; પણ આ ક્રીયાકામોમાં જે મુળ ભાગ બજાવનારા આલાતો (fundamental functionary agents) છે તે ધ્યાનમાં લેવાની જરૂર છે:—

૧. "**સ્તોત**" યાને અવાજની ધ્વનીથી ઉત્પન્ન થતા રંગો (colours resulting from Sound-Vibrations) નો મહાન કાયદો;

૨. "**મીથ્ર**" યાને વીચાર, અને વીચારની, ધ્વનીથી ઉત્પન્ન થતી આકૃતિઓ (Forms created by Thought-Vibrations);

૩. "ખાસ્તર" યાને હરેક ચીજમાંથી નીકળતા વીજળીક પ્રવાહો (thermo-magno-electro-vibrationary forces) કે જે ખાસ્તરો ક્રીયાકામમાં વપરાતાં હરેક આલાતો—આતશ, વરસ્યાના બાલ સાથની આઠ ધાતુની વીટી, ધાતુના પુલીયાં, તષ્તા, હાવનીમ, એવીયાંઓંધન, બરસમ, મહારૂએ, હોમસલી, જીવામ, દરૂન, પાણીના ક્રાદો, અએસમ બોએ, પુલ, ફ્રુટ, આતશની બરેહ, વગેરે, વગેરેમાંથી નીકળે છે અને જે ખાસ્તરોને ક્રીયાના ઉપયોગને લાયકની બનાવવાને માટે આ હરેક ચીજોને ચોકસ તરતીબથી પાવ કરવામાં આવે છે તે તમામ ખાસ્તરો;

૪. "આતશે વોહુફ્રયાન" યાને એક યઓજદાથ્રેગર મોબદ કે જે પોતાનાં ખોરેહને સૌથી પવિત્ર અને

તેજી બનાવવા માટે **બરેશ્નુમની** સૌથી બુલંદ મોતેબર ક્રીયા કરીને અનેક ક્રીયાઓમાંથી પસાર થઇને **ફ્રબરેતર, આબેરેતર, આસ્નાતર, રથવીશ્કર, હાવનાન, આતરેવક્ષ,** તથા **જઓતાના** તબકકાઓમાંથી પસાર થઇને એક પાકકો યઓજદાથ્રેગર યાને બીજા હુમદીનોને પવિત્રાઇ આપનારી શકિત ધરાવનાર મોબેદનો દરજ્જો ભોગવતો હોય તેવા યઓજદાથ્રેગરની અંદર કાર્ય કરતો આતશે વોહુફ્રયાન;

પ. "**ખોરેહ**" યાને ઉપર જણાવેલી શકિત ધરાવનાર યઓજદાથ્રેગરનાં શરીરમાંથી નીકળતો સુક્ષ્મ બારીક અણદીઠ પ્રવાહ, જે અલબતાં તે યઓજદાથ્રેગરના વીચારઆચારો તથા રહેણી-

કરણીની બુલંદીને લીધે ઘણોજ તેજસ્વી હોય, તે "ખોરેહ" (Personal magnetic force);

૬. "**ક્રાદો**" યાને કુવા યા વહેતા ઝરાનાં પાણીમાં કાર્ય કરતી પાંચ જાહેરી વીજળીક શક્તિઓ–"આહુ–ક્રાદો, વાંથ્વો–ક્રાદો, ગએથો–ક્રાદો, ક્ષએતો–ક્રાદો, દંઘહુ–ક્રાદો" (Hydro-electric forces);

૭. "**આતશની ખરેહ**" યાને દરેક ક્રીયામાં હાજર રહેતો આતશે દાદગાહની ઉપર ચાલુ અએસ્મ બોએ બાળવાથી ઉત્પન્ન થતી જોશભેર ગતી (Thermal motion of the fire) કે જે ગતી ક્રીયાની રૂએ ઉત્પન્ન થયલા તમામ ખાસ્તરોના જથ્થાને સમેત કરી પોતાની તરફ ખેંચી લે છે; અને તેને ઉપલી આલમો તરફ જવાનો જોશ આપે છે તે આતશની ખરેહ;

૮. "આતશ બહેરામ" યાને મીનોઈ આલમમાં કાર્ય કરતા ૧૬ મીનોઇ આતશો સાથે તાલુકો રાખનારા ૧૬ ખાકી આતશોને ચોકસ બુલંદ ક્રીયાઓમાંથી પસાર કરીને, તૈયાર કરેલું એક ઘણુંજ બુલંદ આલાત, કે જે આલાત પોતાની તરફ ક્રીયાની રૂએ ઉત્પન્ન થયલા ખાસ્તરોના જોશને "આતશે દાદગાહ", તથા "આતશે આદરાન" મારફતે ખેંચીને છેક ઉપલી મીનોઇ આલમમાં તે જોશને મોકલી આપવામાં અજાયબ જેવી રીતે મજબુત ગતી સાથની મદદ કરે છે, તે "આતશે વરાહરાન" યાને આતશબહેરામ;

૯. "સરોશનો નાદ" યાને આ ખનીરથબામી તથા ઉપલી અણદીઠ આલમોનો સંબંધ જાળવ-

વાને માટે જે કુદરતી સ્તોતનો પ્રવાહ ચાલુ છે, અને જેનો નાદ હમેશાં આ ખનીરથ બામી ઉપર આવે છે, અને જેની દેખરેખ અશો સરોશ યજદ રાખે છે અને જે નાદ વગર "જરથોશ્તી દએન" પ્રમાણે ચાલનાર થી એક ઘડી પણ રેહવાઇ શકાય નહીં, અને જે નાદ રહેલત કર્યા બાદ "જરથોશ્તી દએન" પ્રમાણે ચાલનાર ઉરવાનની પાસબાની કરે છે, અને જે નાદની મદદથીજ ખનીરથ બામી ઉપરના "આતશ બહેરામ"ની મારફતે ક્રીયાઓના સ્તોતનો જમીહો ઉપલી મીનોઇ આલમમાં પહોંચી શકે છે તે સરો-શનો નાદ;—

આ નવ અને એ ઉપરાંત બીજા મુળ સાયન્ટીફીક સીદ્ધાંતો ઉપરજ

આપણી તમામ "જરથોશ્તી ક્રીયાઓ" રચાયલી છે. દરેકે દરેક "જરથોસ્તી ક્રીયાકામ" પોતાના દરજજા પ્રમાણેની સાયન્ટીફીક અસરો કુદરતના અચુક કાયદા પ્રમાણે ઉપજાવીને, ઉરવાન રહેલત થવા પછી "ગંજીસ્રી," "કુંગદેજી," "વરજમી"માંના જે મરકજ યાને તબક્કા ઉપર હોય ત્યાંથી તેને સરોશની મારફતે સુક્ષ્મતામાં આગળ અને આગળ વધવામાં ચાલુ મદદ કરે છે.

"આતશબહેરામ" અને "માચી" ની અંદર સમાયલી સાયન્સ.

તમામ ક્રીયાકામોના જોશને ઉરવાનના મરકજ ઉપર અણદીઠ આલમમાં પહોંચાડવાને ખાતર "જરથોશ્તી

દએન''માં એક ખાસ બુલંદ-આલાત **''આતશે વરાહરાન''** યાને ''આતશે બેહરામ'' આપવામાં આવ્યું છે. આ ''આતશે વરાહરાન''ની તાવીલ ઘણીજ ઉંડી સાયન્સથી ભરપુર છે, અને આતશ બેહરામ તમામ ક્રીયાઓના જોશને પોતાની અંદર સમેત (Concentrate) કરીને ''સરોશ''ના નાદની મારફતે અણદીઠ આલમમાં મોકલી આપવા માટે એક સાધનરૂપી આલાત (Holy and Sublime Vehicular Medium) તરીકે કાર્ય કરે છે. તેટલા માટે આતશ બહેરામને ચોકસ ક્રીયાથી **માચી** ચહડાવવામાં આવે છે. આ **માચી** ચહડાવવાની બાબદમાં પણ તદન સાયન્સનાજ કુદરતી ઉસુલ્યાતી સિધ્ધાંતો સમાઇ જાય છે અને તેનું તુહોતવીલ બ્યાન જરથોસ્તી દએન

માં આપેલું છે. આતશ બહેરામ અને "માચી" વગર તો જરથોસ્તી ક્રીયાઓનો ઉત્પન્ન થયલો સ્તોતનો જમીલો (Staotaic accumulation of thermo-magno--electro--vibrationary Forces) જે ઉરવાનને મદદ કરવી હોય તે ઉરવાન તરફ પહોંચી શકતો નથી; કારણકે આતશે બહેરામની ઉપર જે અથાગ મહેનત લઇને બધી બીકટ ક્રીયાઓ કરીને પરથવામાં આવે છે તેના પરીણામ તરીકે આતશે બહેરામની અંદરજ ઘણીજ જોરાવર ગતી રહે છે, કે જે ગતીનાં બળે બધી ક્રીયાઓનો જોશ છેક અણદીઠ આલમોમાં ઉરવાનના મરકજ તુલીક જઇ શકે છે; અને આ ગતીને ચાલુ જોશ (Acceleration) માં રાખવાની સાયન્ટીફીક મતલબથીજ "માચી"ની ક્રીયા કરવામાં આવે છે. આવી રીતે આપણી

તમામ બુલંદ કીયાઓ આપણો એક સઉથી કીમતી વારસો છે, અને તે તદન સાયન્સનાજ સીધ્ધાંતો ઉપર દરેક કુદરતની અંદર કાર્ય કરતા બારીક કાયદાઓને અનુસરીનેજ આપણા વખશુરે વખશુરાન સાહેબે શીખવી છે. આ તે જરથોશ્તી દએન છે.

પ્રકરણ આંઠમું.

"માજદયસ્ની દએન" અને "જરથોશ્તી દએન"માં સમાયલી પુષ્કળ બાબદો: "જીરમ"; "ચખ્રો"; "તબઇ"; "ઇરાદતી" "જરવાનહે દરેગો ખદાતહે" "ખએતુદથ"—વગેરે, વગેરે.

ઉરવાનને બધી રીતે આગળ વધારવાના unfold કરવાના કુદરતના તમામ કાયદા "જરથોસ્તી દએન"માં સમજાવવામાં આવેલા છે. હાલ તો ફક્ત થોડીજ બાબદો અને તેબી ફક્ત સંક્ષેપ (outline)માં જણાવી છે; પણ "માજદયસ્ની દએન" અને "જરથોશ્તી દએન" આ બે કુદરતના

મહાન ઉસુલ્યાતી કાયદાઓ (Fundamental Grand Laws of Infoldment and Unfoldment) ની અંદર તો કંઇ તરેહવાર બાબદો વખશુરે વખશુરાન સાહેબે તુબીતવીલ સમજાવેલી છે. જીરમનો કાયદો યાને જુદા જુદા ગૃહોને લગતા દરેક જાહેરી તેમજ બાતેની કાયદાઓ; જીરમના નવ ભાગો—

૧. "ફ્રવષી" ૨. "ઉરવાન" ૩. "બઓદંઘહ" ૪. "નુર" યાને બાથ્ર ૫. "રએ" યાને રઓચંઘહ ૬. "હરારત" યાને "ખરેનંઘહ" ૭. "અહુનવર" યાને "સ્તોત," ૮. "અરશીતખ્ત" યાને ઉરૂ ૯. "જરવાન" યાને ગતી.

દરેક "જીરમ" યાને ગૃહને લગતાં ઉરવાનો; દરેક "જીરમ" યાને ગૃહને

લગતા મહાન પુરૂષો તથા પોતાની ઉમ્મત (Race) ના ઉરવાનો માટે તેઓએ શીખવેલી તરીકતો; માનવીની અંદર કાર્ય કરતાં "સોળ ચખ્રો" અને માનવી ઉપર થતી દરેક ગૃહની અસરો; "તબદ" યાને ગૃહની ચાલથી આવી મળતી અસરો (Destiny) તથા "ઇરાદતી" યાને "ફેલ મુખત્યારી" મરજીનું છુટાપણું (Free-will) તથા આ બેઉને લગતા સાયન્ટીફીક કાયદાઓ "જરવાનહે દરેગો ખદાતહે" યાને સૃષ્ટિ રચનાના ચોકસ મહાન ચર્ખો યાને ચક્રાવાઓ (Cycles or periods) ની ઉંડી તાવીલ; દરેક "જરવાનહે દરેગો ખદાતહે"માં દરેક ગૃહને લગતા હજારા-દોર, પાદશાહત, વજીરાત, કોત-વાલી, વગેરે બધા જમાનાઓનું તુબીાતવીલ બ્યાન; માનવીની જીંદ-ગીમાં ચોકસ ચોકસ ઉમરે કાર્ય કરતા

ચોકસ ચોકસ ગૃહોના "કરણો" (periods) અને તેથી થતી અસરોના કાયદાઓ; "ખએતુદથ"નો બુલંદ કાયદો કે જે કાયદા પ્રમાણે ઉરવાનના—"શરીફ" યાને ચહડતો તથા "ખસીસ" યાને ઉતરતો—આ બે દરજ્જા સાથે જોડાઇને "મીસ્વાનહે ગાતુએ અવલ"ના મરકજ આગળ એક થઇ જાય છે. બીજા શબ્દોમાં શરીફ યાને મરદનું ઉરવાન (male-soul; masculinity) અને "ખસીસ" યાને ઓરતનું ઉરવાન (female-soul; femininity) "જરથોસ્તી દએન" પ્રમાણે "અશોઇ," "ખોરેહ," "કેશાશ "વગેરે તમામ જરથોસ્તી તરીકતો પાળીને ખનીરથ બામી યાને આ દુન્યા હમેશને માટે છોડી ગયા પછી, વોઉરૂ બરેશ્તી, વોઉરૂ જરેશતી, અરેજહી, સવહી,

ફ્રદદફ્સ, વીદદફ્સ, નામના છ ફેશ્વ-રોની તરીકતોમાંથી પસાર થયા પછી, "મીસ્વાનહે ગાતુએ અવલ"ના મરકજ આગળ સાથે જોડાઇને, એક થઇ જઇને (Individual Perfected Soul) સંપુર્ણ અખંડ ઉરવાન બને છે, યાને "ખએતુદથ" થઇને પોતે પોતામાં મળી જાય છે—તે ઘણીજ ધ્યાન પુગાડવા જોગ બાબદને લગતા બારીક કુદરતના અચુક કાયદાઓ, અને આ ઉપરાંત બીજી અસંખ્ય બાબદો ઘણીજ સાયન્ટીફીક રીતે "માજદયસ્ની દએન" (Law of Infoldment) તથા "જરથોશ્તી દએન" (Law of Unfoldment) માં આપણા વખશુરે વખશુરાન સાહેબે સમજાવેલી છે.

પ્રકરણ નવમું.

હાલમાં જણાયલો યા નહીં જણાયલો દરેક "ઇલ્મ" (Science)="માઝદયસ્નની દએન"+"જરથોશ્તી દએન."

ટુંકામાં કહીએ તો દરકે દરેક ઇલ્મ (Science or knowledge) —હાલમાં જાહેર રીતે જણાયલો યા નહીં જણાયલો—આએ વખશુરે વખ-શુરાન રમ્જગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબે શીખવેલા કુદરતના બે ઉસુલ્યાતી કાયદાઓ—"માઝદય-સ્ની દએન" તથા "જરથોસ્તી દએ-ન"–ની અંદર તમામ સમજાવવામાં આવેલો છે. જ્ઞાન અને વીદયાની કોઇપણ શાખા આ બે "માઝદયસ્ની દએન" તથા "જરથોસ્તી દએન" નામના મહાન·

કાયદાઓની બહાર રહી જતી નથી. દાખલા તરીકે "ઇલ્મે અયદાદ" સંખ્યા અને હીસાબોની સાયન્સ (Science of Numbers), "ઇલ્મે મુન્તક" (Science of Logic), "ઇલ્મે નુજુમ" (Sciences of Astrology and Astronomy), "ઇલ્મે રમલ" (Science Geomancy), "ઇલ્મે ઇન્ડીસત" (Science of Mathematics) ઇલ્મે ઝફર યાને તાવીઝ તથા નીરંગો, વગેરે બનાવવાની વીદયા (Science of Efficient Formulæ, Amulets, Periapts, etc). ઇલ્મે સ્તોત (Science of Vibrationary Colours) ઇલ્મે કુયાફા યાને આખાં શરીર ઉપરથી ખાસ્યતો, વગેરે પારખવાની વીદયા (Sciences of Physiognomy, Phrenology, Palmistry, Chiromancy

etc.) વગેરે, વગેરે બીજા દરેક ઇલ્મો યાને sciences 'જરથોશ્તી દએન' માં સમાઇ જાય છે, અને આવી રીતે જરથોશ્તી દએનમાંની દરેક બારીકી તથા દરેક ઇલ્મ સમજાવનાર તે ઇલ્મે ક્ષ્નુમ યાને ખરેખરી ખુશાલી આપનારૂં કુદરતના પેદા કરનારની પીછાણુ કરાવનારૂં જ્ઞાન (Science of Ecstatic Beatitude resulting from the genuine knowledge of the Creator) છે.

આ તે "ઇલ્મે ક્ષ્નુમ" છે. અવસ્તાની ચાવીજ "ઇલ્મે ક્ષ્નુમ" છે. ("The Key to the Avesta is "Khshnum") ગાથામાં જણાવેલું "ક્ષ્નુમ" તે એ છે. "જરથોશ્તી દએન"ની મુળ ચાવીજ આ "ઇલ્મે ક્ષ્નુમ" છે. આ "ઇલ્મે ક્ષ્નુમ" ખરેખરી અંતઃક-

રણુની ખુશાલી આપનારૂં જ્ઞાન છે; કારણુ કે "જરથોશ્તી દએન" જે કુદરતનો કાયદો પોતેજ છે તે જેમ ગમે તેમ કોઇનાં મગજ પ્રમાણે સમજાવવાને બદલે જરથોશ્તી દએનને ઉસુલ્યાતમાં જેમ તે છે (As it *is*—the Original Law) તેમજ indigenous તેની પોતાનીજ લાઇનથી ખુલ્લી કરીને સમજાવે છે. આખી સૃષ્ટિમાંની દરેકે દરેક બાબદને આ ઇલ્મે ક્ષ્નુમ પોતાના ચાર મહાન વીભાગોથી તપાસી શકે છે:—

૧. "તરીકત" યાને ઇલ્મનો બધો એકઠો કરેલો જથ્થો, તથા આજ્ઞુરફ઼રો પાળવાની રીતો.

૨. "મારેફ઼ત" યાને તમામ ઇલ્મ અને ફ઼ીલસુફ઼ીનો સરશોક યાને અરક.

૩. "**હકીકત**" યાને દરેક સરશોકનું ઉસુલ્યાતી મઝદરીયાત (fundamental emanation).

૪. "**વહેદાન્યત**" યાને જે છેલ્લા મરકજ ઉપર ઇલ્મ લઇ જનાર છે તે મરકજ (The Point).

એક પીરેમીડ (pyramid) ના ચાર ભાગ મીસાલ આ ચાર ઇલ્મે ક્નુમના વીભાગો થયલા છે. પીરેમીડની તળેટી "**તરીકત**" મીસાલ છે, અને પીરેમાડની ટોંચ "**વહેદાન્યત**" મીસાલ છે, અને "જરથોશ્તી દએન" પ્રમાણે ચાલનારને "**તરીકત**"થી શરૂઆત કરી "**મારેફત**" તથા "**હકીકત**" ઉપરથી થઇને છેક સેવટે "**વહેદાન્યત** ની ટોંચ ઉપર જવાનું છે, અને આ સઉથી બુલંદ કાર્ય-

આપણી આ દુન્યામાં હૈયાતી ભોગવવાની તથા તમામ સૃષ્ટી રચનાની ઘણીજ ભેદભરેલી મહાન નેમ-જે 'માજદયસ્ની દએન' તથા "જરથોશ્તી દએન" નામના બે કુદરતના ઉસુલ્યાતી નીયમોમાં સમાઇ ગયલી છે, અને જે નીયમો આપણા વખશુરે વખશુરાન રમ્જગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબ આ દુન્યામાં જણાવી જાહેર કરી ગયા છે, તે મહાન નીયમો તુલો તવીલ સમજાવનારો ઇલ્મ તે "ઇલ્મે ક્ષનુમ" છે.

"ઇલ્મે ક્ષનુમ"નો સહેજ ભાશ (outline view) આ લખાણમાં રજુ કરવાની કોશેશ કરવામાં આવી છે,

અને જરથોશ્તી સાહેબદીલાન ટોળાના ઉસ્તાદ સાહેબ "સોષાવરેજ મરજબાન" સાહેબનો ઉપકાર માની, જરથોશ્તી જાયનશીનો તથા હોકમાઓને યાદ કરી, વખશુરે વખશુરાન રમ્જગો અશો સ્પીતમાન જરથુશ્ત્ર સાહેબનું નામ જબાન ઉપર લઇ, પેદા કરનાર અહુરમઝદની યાદમાં સર નમાવી આ લખાણુ તમામ કરૂં છું.

સેવટના બે બોલ (Afterword)

જરથોસ્તી ધર્મ જે તદન રમ્જ યાને ભેદોમાં લખાયલો છે તે આ રીતે કેટલો બધો મોતેબર તથા ઉંડાણ ગુહય બાબદોથી ભરપુર છે, તથા તેમાં સમાવેલી સૃષ્ટિની હરેક બાબદો જાણવાનું ખેતર કેટલું બધું વિશાળ પડેલું છે, તેનો આ નાની ચોપડી ઉપરથી કંઇક ખ્યાલ દરેક દીનદાર વાંચનારને આવ્યો હશે. દરેકે દરેક બારીક ક્રીયા કામો તથા બધી અશોઇની તરીકતો તદન કુદરતના અચળ કાયદાઓ ઉપરજ રચીને આપણા વક્ષુરે વક્ષુરાંન સાહેબે "જરથોસ્તી દીન" તરીકે આપણને કીંમતી જ્ઞાનનો એક અખૂટ ખજાનો આપી ઉપકારી કરયા છે, એ વાત બાબે દરેક સમજુ વાંચનારને કંઇ પણ શક રહેશે નહી.

ઇલ્મે ક્ષનુમ તો સૃષ્ટિ રચનાની દરેકે દરેક બાબદોનું જ્ઞાન સરળ રીતે સમજાવે છે. ઇલ્મેક્ષ-

નુમ કંઈ ફકત જરથોસ્તી દએનની ક્રીયાઓ-નીજ સમજ આપે છે એમ નથી, અને આ નાનું પુસ્તક વાંચ્યા પછી ઇલ્મે ક્ષ્નુમ કઇ તરેહ નો બુલંદ ઇલ્મ છે તે દરેક ધીરજવંત અને ખાલેસ મનનો વાંચનાર કોઇનું સાંભળવા કરતાં પોતાની મેળેજ જોઇ શકશે. કોઇબી દરજજે ક્રીયા કંઈ ઉતરતી બાબદ નથી. આખી સુષ્ટિજ એક મહાન અચળ ક્રીયાજ છે, અને મહાન ક્રીયાના કરનારા હોરમજદ અને અમશાસ્પંદો છે. દુનયાની બુલંદીથી તે પસ્તી સુધી—મ્હાન સૂર્ય મંડળ અને તારા મંડળથી તે બારીકમાં બારીક પરમાનુઓ (atoms) ના સંજોગો (chemical-combinations) એ પણ અચુક કાયદાઓથી ચાલતી ક્રીયાઓજ છે. આફ્રાકેબુઝોર્ગ (macrocosm) અને આફ્રાકે-કુચક (mic rocosm યાને તમામ વિશ્વરચના જે રચાય-લી છે તેના તમામ બારીક કાયદાઓ

અને તે કાયદાઓથી ચાલી રહેલી મહાન ક્રીયાનું જ્ઞાન એજ **"માઝ્દયસ્ની જરથોશ્તી દીન"** છે, અને "માઝ્દયસ્ની જરથોશ્તી દીન" બસીત કરીને તેના અસલ લેબાશમાં સમજાવનારૂં જ્ઞાન તે "ઇલ્મે ક્ષ્નુમ" છે, અને તેથીજ ઇલ્મે ક્ષ્નુમ જરથોશ્તી ક્રીયાકામોને કુદરતમાં તેના બુલંદ મરતબાને લાયકની અગત્યતા આપે છે.

સેવટે આટલું ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે કોઇબી શખ્સ—અદનાથી તે આલા સુધી, એક ગરીબ સાધારણ બુધ્ધિના શખ્સથી તે મોટામાં મોટા સાહેકો, આબેદો વગેરે બીજા કોઇપણ મહાન શખસો ક્રીયા વગર આગલ વધી શકતા નથી. દુન્યામાં જયાં જોશો ત્યાં ક્રીયા, ક્રીયા, અને ક્રીયાજ છે. તેટલા માટે હાલમાં જે કંઇ ક્રીયાકામો તથા અશોઇની તરીકતો વગેરે બચી રહયું છે

તેને સંભાળથી જાળવી રાખવા માટે, તથા આ હાલની (materialistic) જમાનામાં જરથોસ્તી ધર્મ તરફ સંપુર્ણ જાનફેશાની અને કેળવાયલો એતેકાદ (Intellectual Faith) થોડે ઘણે દરજજેબી ઉત્પન્ન કરવામાં જો આ નાની ચોપડી કંઇ પણ રીતે મદદગાર થઇ પડશે તો લખનારનો હેતુ થોડે ઘણે દરજજે પાર પડેલો લેખી શકાશે !

વહુરે વહુરાંન સાહેબ જરથોસ્તી કોમની સદા રહેનુમાઇ કરે !

આમીન ! આમીન !! આમીન !!!

એ૦ ન૦ શ૦